

नवसर्जन संस्कृति

RNI No. GUJGUJ/2016/70752

NAVSARJAN SANSKRUTI

# નવસર્જન સંસ્કૃતિ

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 10
Issue : 066
Dt.: 09-01-2026,
Friday
Page:04
Rs.00.50 paisa


### બંગાળના મુખ્યમંત્રી પર EDનો આરોપ

# મમતા બેનર્જી બળજબરીપૂર્વક દસ્તાવેજો અને પુરાવા લઈ ગયા

(સંપૂર્ણ સમાચાર સેવા)કોલકાતા

પશ્ચિમ બંગાળમાં વિધાનસભા ચૂંટણી ૨૦૨૬ પહેલા રાજકીય ગરમાવો ચરમસીમાએ પહોંચ્યો છે. ગુરુવારે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED)એ કોલકાતામાં જાણીતી પોલિટિકલ કન્સલ્ટન્ટ કંપની IPACના દફતર અને તેના વડા પ્રતીક જૈનના નિવાસસ્થાને દરોડા પાડ્યા હતા. આ દરોડા દરમિયાન પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી પોતે સ્થળ પર પહોંચતા ભારે હોબાળો મચી ગયો હતો.

હવે આ મામલે EDએ સત્તાવાર નિવેદન જાહેર કરીને મુખ્યમંત્રી મમતા બેનર્જી પર તપાસમાં અવરોધ ઊભો કરવાનો અને પુરાવા નષ્ટ કરવાનો અત્યંત ગંભીર આરોપ લગાવ્યો છે. તપાસ એજન્સીએ સત્તાવાર નિવેદનમાં જણાવ્યું છે કે, 'જ્યારે દરોડાની કાર્યવાહી ચાલુ હતી ત્યારે મુખ્યમંત્રી મમતા બેનર્જી વિશાળ પોલીસ કાફલા સાથે અચાનક જ IPACના વડા પ્રતીક જૈનના નિવાસસ્થાને પહોંચી ગયા હતા. મુખ્યમંત્રી ત્યાંથી તપાસ માટે અત્યંત જરૂરી એવા મહત્ત્વના દસ્તાવેજો અને ઈલેક્ટ્રોનિક ડિવાઈસ પોતાની સાથે લઈ ગયા છે. એટલું જ નહીં, ત્યારબાદ મમતા બેનર્જીએ IPACના દફતરમાં પણ જબરદસ્તી પ્રવેશ કર્યો હતો, જ્યાં પણ પુરાવાઓ સાથે છેડછાડ કરવામાં આવી છે.'

EDની તપાસ મુજબ, આ દરોડા કોલસાની હેરાફેરી અને તેના દ્વારા થયેલા હવાલા ટ્રાન્ઝેક્શન સાથે જોડાયેલા છે. તપાસમાં એવું સામે આવ્યું છે કે કોલસા કૌભાંડનો મોટો હિસ્સો 'શાકંભરી ગ્રૂપ ઑફ કંપનીઝ'ને વેચવામાં આવ્યો હતો અને તેમાંથી મળેલી રકમ હવાલા માર્ગે ફેરવવામાં આવી હતી. એજન્સીના રિપોર્ટ મુજબ, આ કૌભાંડમાં સામેલ એક શંકાસ્પદ વ્યક્તિએ પોલિટિકલ કન્સલ્ટન્ટ કંપની IPACને કરોડો રૂપિયા ટ્રાન્સફર કર્યા હોવાના પુરાવા મળ્યા છે. આ મની ટ્રેલ અને હવાલા કનેક્શનના કથિત જોડાણની ઊંડી તપાસ કરવા માટે જ EDએ પશ્ચિમ બંગાળના ૬ મહત્ત્વના શહેરો અને દિલ્હીના ૪ સ્થળોએ એકસાથે દરોડા પાડવાની કાર્યવાહી હાથ ધરી છે. દરોડા દરમિયાન કોલકાતા પોલીસ અને EDના અધિકારીઓ વચ્ચે પણ તણાવ જોવા મળ્યો હતો. સાઉથ કોલકાતાના ડેપ્યુટી કમિશ્નર અને ખુદ પોલીસ કમિશ્નર ઘટનાસ્થળે પહોંચ્યા હતા અને ઈડીના અધિકારીઓ પાસે તેમની ઓળખ અને સર્ચ વોરન્ટની માંગણી કરી હતી.તૃણમૂલ કોંગ્રેસ (TMC)એ ૨૦૨૬ની વિધાનસભા ચૂંટણી માટે IPACને હાયર કરી છે, ત્યારે ચૂંટણી પહેલા જ આ કાર્યવાહીને કારણે બંગાળના રાજકારણમાં નવો વળાંક આવ્યો છે. EDએ આ મામલે કોર્ટ અથવા ઉચ્ચ સ્તરે ફરિયાદ કરવાની તૈયારી પણ દર્શાવી છે. પશ્ચિમ બંગાળમાં આ અગાઉ પણ ED અને અન્ય કેન્દ્રીય એજન્સીઓની કાર્યવાહીને લઈને રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર સામસામે આવી ચુકી છે.




## ટ્રમ્પના કારણે શેરબજાર કડડભૂસ!: ૫૦૦ ટકા ટેરિફની ધમકી બાદ સેન્સેક્સમાં ૭૮૦ પોઈન્ટનો કડાકો

### ગુરુવારે સેન્સેક્સમાં ૭૮૦ પોઈન્ટનો કડાકો થયો હતો જ્યારે નિફ્ટીમાં ૨૬૩ પોઈન્ટનો ઘટાડો જોવા મળ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

ભારત અને અમેરિકા વચ્ચે સંબંધો વણસી રહ્યા છે. ત્યારે તેની સીધી અસર શેર બજાર પર જોવા મળી રહી છે. અમેરિકાની ટેરિફની ધમકીઓ વચ્ચે આજે શેર બજારમાં સતત ચોથા દિવસે કડાકો જોવા મળ્યો. ગુરુવારે સેન્સેક્સમાં ૭૮૦ પોઈન્ટનો કડાકો થયો. જ્યારે નિફ્ટીમાં ૨૬૩ પોઈન્ટનો ઘટાડો જોવા મળ્યો. આજે બપોરે સેન્સેક્સ ૮૪,૧૮૦.૯૬ પોઈન્ટ જ્યારે નિફ્ટી ૨૫,૮૭૬.૮૫ પર બંધ થયું. સૌથી મોટો કડાકો ઓઈલ અને મેટલ કંપનીઓના શેરમાં જોવા મળી રહ્યો છે. નોંધનીય છે કે ભારત મોટા પ્રમાણમાં રશિયાથી ઓઈલ ખરીદે છે. બીજી તરફ અમેરિકા સતત ભારતને ઓઈલ ન ખરીદવા દબાણ કરી રહ્યું છે. એવામાં અમેરિકામાં હવે નવું બિલ આવી રહ્યું છે. જે અનુસાર રશિયાથી ઓઈલ ખરીદતા દેશો પર ૫૦૦ ટકા ટેરિફ ઝીંકવામાં આવશે.



અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના નિર્ણય બાદ ભારતીય રોકાણકારોના ધબકારા વધ્યા છે. જો આ ટેરિફ લાગુ થાય તો ભારત-અમેરિકાના વેપારને જોરદાર ફટકો પડશે. અમેરિકામાં ભારતીય પ્રોડક્ટ્સના ભાવ આસમાને પહોંચી જશે. જેના કારણે ભારતીય વેપારીઓને મોટા નુકસાનની આશંકા છે. જોકે અમેરિકાની આ ધમકીઓ હજુ સુધી ભારતની કેન્દ્ર સરકારે કોઈ પ્રતિક્રિયા આપી નથી. ભારત જ નહીં જાપાન અને હોંગકોંગના શેરબજારમાં પણ આજે કડાકો જોવા મળ્યો હતો.

## યમનમાં ગૃહ યુદ્ધ : સાઉદી-UAEના ઘર્ષણ વચ્ચે ૪૦૦ પર્યટક ફસાયા

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

યમનમાં સાઉદી અરેબિયા સમર્થિત સરકાર અને યુએઈ સમર્થિત અલગતાવાદી જૂથો વચ્ચે વધતા સૈન્ય સંઘર્ષના કારણે સ્થિતિ ભયજનક બની છે. સામે સામે હુમલા અને હિંસાઓ થતા અનેક પ્રયટકો ત્યાં ફસાયા છે. આ હિંસા વચ્ચે યમનના સોકોત્રા ટાપુ પર છેલ્લા કેટલાક અઠવાડિયાથી ફસાયેલી ભારતીય નાગરિક રાખી કિશન ગોપાલને ભારત સરકાર દ્વારા સુરક્ષિત રીતે બચાવી લેવામાં આવી છે. યમન સ્થિત ભારતીય મિશનના જણાવ્યા અનુસાર, રાખી કિશન ગોપાલને સાતમી જાન્યુઆરીના રોજ એક વિશેષ યમેનિયા ફ્લાઈટ દ્વારા જેદ્દા મોકલવામાં આવી છે. જેદ્દામાં ભારતીય વાણિજ્ય દૂતાવાસના અધિકારીઓએ રાખીને રિસીવ કરી હતી અને જરૂરી કાયદાકીય પ્રક્રિયાઓ પૂર્ણ કર્યા બાદ તેમને ભારત મોકલી દેવાઈ છે. ભારતીય મિશને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર આ સફળ ઓપરેશનની વિગતો શેર કરી છે. આ રેસ્ક્યૂ એવા સમયે કરવામાં આવ્યું છે જ્યારે યમનમાં સાઉદી અરેબિયા સમર્થિત દળો અને સધર્ન ટ્રાન્ઝિશનલ કાઉન્સિલ (STC) વચ્ચે સત્તા માટે ભીષણ યુદ્ધ ચાલી રહ્યું છે. હદ્રમૌત અને અલ-મહરા પ્રાંતોમાં સૈન્ય મથકો પર કબજો જમાવવા માટે ચાલી રહેલા યુદ્ધને કારણે અનેક વિસ્તારોમાં હવાઈ સેવાઓ ખોરવાઈ ગઈ છે. જોકે, હાલના અહેવાલો મુજબ એસટીસી દળોએ કેટલાક વિસ્તારોમાંથી પાછા હટવાનું શરૂ કર્યું છે. યમનની મુખ્ય ભૂમિ પર ચાલી રહેલા સંઘર્ષના પગલે સોકોત્રા ટાપુ પર હજુ પણ અંદાજે ૪૦૦ જેટલા વિદેશી પ્રવાસીઓ ફસાયેલા હોવાનું જાણવા મળે છે.

### સતત બીજા દિવસે અઢી કલાક સુધી લાંબી ચર્ચા ચાલી


## જે ડરે તેમને કરડે છે શ્વાન: સુપ્રીમ કોર્ટ, વકીલે કહ્યું- દેશમાં હજુ શેલ્ટર બનાવવાની જરૂર

### વકીલે કોર્ટનું ધ્યાન દોર્યું કે રાજ્યો દ્વારા અપાયેલ આંકડાઓમાં ક્યાંય સ્પષ્ટતા નથી કે નગરપાલિકાઓ કેટલા શેલ્ટર હોમ ચલાવે છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

સુપ્રીમ કોર્ટમાં રખડતા શ્વાન સાથે જોડાયેલા કેસમાં ગુરુવારે સતત બીજા દિવસે અઢી કલાક સુધી લાંબી ચર્ચા ચાલી હતી. આ સુનાવણી દરમિયાન જસ્ટિસ અને વકીલો વચ્ચે શ્વાનના સ્વભાવ અને તેનાથી થતી સમસ્યાઓ અંગે રસપ્રદ દલીલો જોવા મળી હતી.

સુનાવણી દરમિયાન જસ્ટિસ નાથે અવલોકન કર્યું કે, શ્વાન માણસનો ડર પારખી જાય છે અને એટલે જ કરડે છે. જ્યારે શ્વાનના પક્ષમાં દલીલ કરી રહેલા વકીલે આ વાતનો ઈનકાર કર્યો, ત્યારે જસ્ટિસે વળતો જવાબ આપ્યો કે, તમારું માથું ન ધુણાવો, આ વાત હું મારા અંગત અનુભવ પરથી કહી રહ્યો છું. વકીલે કોર્ટનું ધ્યાન દોર્યું કે રાજ્યો દ્વારા આપવામાં આવેલા આંકડાઓમાં ક્યાંય સ્પષ્ટતા નથી કે નગરપાલિકાઓ કેટલા શેલ્ટર હોમ ચલાવે છે. તેમણે



જણાવ્યું કે દેશમાં માત્ર ૫ સરકારી શેલ્ટર છે, જેની ક્ષમતા માત્ર ૧૦૦ શ્વાનની છે. શ્વાનની સમસ્યા ઉકેલવા માટે મજબૂત ઈન્ફ્રાસ્ટ્રક્ચરની જરૂર છે. એનિમલ વેલ્ફેર તરફથી દલીલ કરતા વકીલ સી.યુ. સિંહે શ્વાનને શેલ્ટર હોમમાં મોકલવાનો વિરોધ કરતા કહ્યું કે, જો શ્વાનને હટાવવામાં આવશે તો ઉંદરોની વસ્તી વધી જશે. આ સાંભળીને કોર્ટે રમૂજી અંદાજમાં પૂછ્યું, તો શું આપણે ઉંદરો રોકવા બિલાડીઓ લઈ આવીએ? જસ્ટિસ મહેતાએ ઉમેર્યું કે શ્વાન અને બિલાડીઓ દુશ્મન હોય છે, તો શું આપણે બિલાડીઓને પ્રોત્સાહન આપવું જોઈએ?

અરજદારના વકીલે કહ્યું કે પાળતુ શ્વાનનો માલિક હોય છે, પણ રખડતા શ્વાનની કોઈ જવાબદારી લેતું નથી. ABC(Animal Birth Control) નિયમો એવા હોવા જોઈએ કે સામાન્ય નાગરિક રસ્તા પર સુરક્ષિત ચાલી શકે.

કોર્ટને વિનંતી કરવામાં આવી કે માત્ર હોસ્પિટલ કે સ્કૂલ જ નહીં, પણ રહેણાંક વિસ્તારોમાંથી પણ શ્વાનને હટાવવા જોઈએ. શ્વાનનું કાઉન્સેલિંગ શક્ય નથી, પણ તેના માલિક કે ખવડાવનારને સમજાવી શકાય છે.

દિલ્હીમાં છેલ્લે ૨૦૦૯માં ગણતરી થઈ ત્યારે ૫.૬૦ લાખ શ્વાન હતા. જ્યાં સુધી ચોક્કસ આંકડો અને શેલ્ટર હોમની ક્ષમતા ખબર ન હોય, ત્યાં સુધી તેમને ક્યાં રાખવા તે મોટો પ્રશ્ન છે.

ડોગ લવર્સ અને NGO માટે પિટિશન ફાઈલ કરવા માટે નક્કી કરેલી રકમ જમા કરાવવાની શરત હટાવવાની માંગ પર કોર્ટે મજાકમાં કહ્યું, જો આ શરત ન હોત, તો અમારે અહીં પંડાલ લગાવવો પડત.

કોર્ટે સ્પષ્ટ કર્યું કે અમે દરેક શ્વાનને રસ્તા પરથી હટાવવાનો આદેશ નથી આપ્યો, પરંતુ તેમની સાથે નિયમો મુજબ વ્યવહાર થવો જોઈએ. નોંધનીય છે કે ગત નવેમ્બરમાં સુપ્રીમ કોર્ટે શાળાઓ, હોસ્પિટલો, બસ સ્ટેન્ડ અને રેલવે સ્ટેશન જેવા જાહેર સ્થળોએથી રખડતા શ્વાનને હટાવી શેલ્ટર હોમમાં મોકલવાનો આદેશ આપ્યો હતો.







# અમદાવાદ મંડળમાં આરપીએફની સતર્કતા અને તાત્કાલિક કાર્યવાહીથી યાત્રીઓની સુરક્ષા સુનિશ્ચિત








પશ્ચિમ રેલવે, અમદાવાદ મંડળના રેલવે સુરક્ષા બળ (આરપીએફ) ના અધિકારી અને જવાન યાત્રીઓના જીવન, સન્માન અને સંપત્તિની સુરક્ષા માટે સતત સતર્ક અને પ્રતિબદ્ધ રહે છે. પાછલા ત્રણ દિવસો દરમિયાન આરપીએફ દ્વારા સતર્કતા, તાત્કાલિક નિર્ણય અને સંયુક્ત કાર્યવાહી મારફતે કેટલાય પ્રશંસનિય કામ કરવામાં આવ્યા છે, જેમાં યાત્રીઓનો કિમતી સામાન પરત કરવો, ચાલતી ટ્રેનમાં પડવાથી મહિલા યાત્રીનો જીવ બચાવવો, ખોવાયેલી યુવતીને તેના પરિવારજનો સુધી સુરક્ષિત પંહોચાડવી તથા સગીર છોકરીને લલચાવી-પટાવી લઈ જવાના મામલામાં તાત્કાલિક રેસ્ક્યૂ સામેલ છે.

૧. ચાલતી ટ્રેનમાંથી પડી જવાથી મહિલા યાત્રીને જીવ બચાવ્યો

તારીખ ૦૬.૦૧.૨૦૨૬ ના રોજ અમદાવાદ રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નં. ૦૧, ગેટ નંબર ૦૪ પર ડ્યૂટી પર ઉપસ્થિત મહિલા હેડ કૉન્સ્ટેબલ જાગૃતિ ચૌધરી દ્વારા સમય લગભગ ૦૯:૪૦ કલાકે પ્લેટફોર્મની વચ્ચે રાઉન્ડ દરમિયાન એક મહિલા યાત્રીને ચાલતી ગાડીમાં ચઢવાથી મનાઈ કરવામાં આવી. એ છતાં મહિલા દ્વારા બેકાળજીપૂર્વક ચાલતી ટ્રેનમાં ચઢવાનો પ્રયત્ન કરવામાં આવ્યો, જેનાથી તેમનું બેલેન્સ બગડી ગયું અને તેણી ટ્રેન અને પ્લેટફોર્મ વચ્ચેના ગેપમાં પડવા લાગી. સ્થિતિની ગંભીરતાને સમજતાં કૉન્સ્ટેબલ જાગૃતિ ચૌધરીએ તત્પરતા બતાવતાં મહિલા યાત્રીને પકડીને તરત જ ટ્રેનથી દૂર ખેંચી લીધી, જેનાથી મોટી દુર્ઘટના ટળી ગઈ અને મહિલાનો જીવ બચાવી શકાયો. કથિત મહિલા યાત્રીનું નામ પારવાતા બાઈ (ઉંમર ૬૫ વર્ષ), રહેવાસી યેવતમાલ,અમરાવતી (મહારાષ્ટ્ર) જણાવવામાં આવ્યું, જે પેસેન્જર ટ્રેન નંબર ૨૨૯૪૦ ના S/૪ કોચ, સીટ નંબર 64 પર ઠાટ બદનેરાથી જામનગર સુધીની યાત્રા કરી રહી હતી.

૨. ચોરાયેલ કિમતી મોબાઈલ અને પર્સ સફળતાપૂર્વક જપ્ત

તારીખ ૦૫.૦૧.૨૦૨૬ ના રોજ સમય ૦૯:૦૭ કલાકે, કન્ટ્રોલ રૂમ મારફતે ગાડી નંબર ૨૨૭૩૮ સિકંદરાબાદ એક્સપ્રેસ, કોચ S-3, સીટ નંબર ૪૭ માં યાત્રા કરી રહેલી મહિલા યાત્રી શ્રીમતી રિતી કુમારી દ્વારા રેલ મદદ મારફતે સૂચના આપવામાં આવી કે અમદાવાદ સ્ટેશન પર આગમન વખતે ઊંઘમાંથી જાગવા પર તેમનું પિંક કલરનું પર્સ, જેમાં એક iPhone મોબાઈલ (અંદાજિત મૂલ્ય રૂ. ૯૦,૦૦૦) અને રૂ. ૫૦૦/- રોકડા હતા, ચોરાઈ ગયું છે. CPDS (ક્રાઈમ પ્રિવેન્શન ડિટેક્શન ટીમ) ઈન્ચાર્જ આસિસ્ટન્ટ સબ ઈન્સ્પેક્ટર (ASI) માન સિંહે તત્પરતા બતાવતાં ફરીયાદકર્તાના પતિશ્રી કન્હૈયાલાલ શર્માથી સંપર્ક કરીને મોબાઈલનો નંબર અને IMEI ID મેળવી.

આધુનિક ટેકનિકનો કુશળતાપૂર્વક ઉપયોગ કરતાં મોબાઈલની લોકેશન ટ્રેસ કરવામાં આવી, જેનાથી મોબાઈલના પાલનપુર સ્ટેશનની પાસે હોવાની માહિતી મળી. આ સૂચનાને તાત્કાલિક DSCR (ડિવિઝનલ સિક્યૂરિટી કન્ટ્રોલ રૂમ) અમદાવાદ અને સંબંધિત ઈન્સપેક્ટરો સાથે શેર કરવામાં આવી. ત્યારબાદ ઈન્સપેક્ટર, પાલનપુર દ્વારા શોધખોળ કરીને મોબાઈલ ફોનને રેલવે ટ્રેકની પાસે એક ગેન્ગમેન પાસેથી મેળવવામાં આવ્યો, જેણે પર્સ અને મોબાઈલને બીનવારસી સ્થિતિમાં મળવાની માહિતી આપી. આ રીતે આરપીએફની સતર્કતા અને ટેકનિકલ કુશળતાથી યાત્રીના કિમતી સામાનને સુરક્ષિત રિકવર કરવામાં આવ્યો.

૩. ખોટી ટ્રેનથી પહોંચેલ યુવતીને સુરક્ષિત પરિવારજનો સુધી પહોચાડી

તારીખ ૦૭.૦૧.૨૦૨૬ ના રોજ સમય ૧૨:૦૦ કલાકે, અમદાવાદ સ્ટેશન પ્લેટફોર્મ નંબર ૦૧, ગેટ નંબર ૦૪ પર એક યુવતી મહિલા કૉન્સ્ટેબલ જાગૃતિ ચૌધરી પાસે મદદ માટે આવી. યુવતીએ હિન્દી ન આવડતી હોવાનું જણાવતાં પોતાનું નામ રોસ રવિના (ઉંમર ૨૧ વર્ષ), રહેવાસી ગામ મિરલ, જિલ્લો ગુમલા, ઝારખંડ બતાવ્યું તથા ખોટી ટ્રેનમાં બેસીને અમદાવાદ પહોંચવાની માહિતી આપી.

ડેપ્યુટી ઈન્સપેક્ટર (SIPF) બીજેન્દ્ર સિંહ અને સ્ટાફ દ્વારા યુવતીને ૧૦૯૮ ચાઈલ્ડ હેલ્પ લાઈન પ્રોજક્ટેના કોઑર્ડિનેટર પાસે લઈ જવામાં આવી, જ્યાં તેના પરિવારજનો સાથે સંપર્ક કરવામાં આવ્યો. પરિવારજનો દ્વારા જણાવવામાં આવ્યું કે તેનો ભાઈ ગૌતમ તેને લેવા અમદાવાદ આવી રહ્યો છે. જરૂરી કાગળોની કાર્યવાહી પૂર્ણ કરીને યુવતીને સુરક્ષિતરૂપે ચાઈલ્ડ હેલ્પ લાઈનને સુપરત કરવામાં આવી.

૪. સગીર છોકરીના અપહરણનો મામલો ઉકેલ્યો

તારીખ ૦૭.૦૧.૨૦૨૬ ના રોજ સમય ૦૦:૦૩ કલાકે, DSCR (ડિવિઝનલ સિક્યૂરિટી કન્ટ્રોલ રૂમ) અમદાવાદને સૂચના મળી કે એક ૧૭ વર્ષની સગીર છોકરીનું લલચાવી-પટાવી અપહરણ કરી લેવામાં આવ્યું છે, જે ટ્રેન નંબર ૧૯૧૬૬ દરભંગા-અમદાવાદ સાબરમતી એક્સપ્રેસ માં યાત્રા કરી રહી છે. મામલાની ગંભીરતા જોતાં ઈન્સપેક્ટર, અમદાવાદના નિર્દેશનમાં રચાયેલ CPDS (ક્રાઈમ પ્રિવેન્શન ડિટેક્શન ટીમ) દ્વારા ટ્રેનના અમદાવાદ આગમન પર ગહન તપાસ કરવામાં આવી. તપાસ દરમિયાન કૉન્સ્ટેબલ રામવતાર સ્વામી અને કૉન્સ્ટેબલ નન્નૂ રામ મીણાએ શંકાસ્પદ છોકરા-છોકરીને રોક્યા, જેમનો મળેલા ફોટો સાથે મેળ આવતો હતો. પૂછપરછમાં સંતોષકારક ઉત્તર ન મળવા પર બંનેને ડિટેન કરવામાં આવ્યા.

પછીથી અમદાવાદ ક્રાઈમ પોલિસ ટીમને જાણ કરીને અપહરણના મામલામાં આગળની કાર્યવાહી માટે છોકરી અને આરોપીને સુપરત કરવામાં આવ્યા તથા સંબંધિત થાણા રાયગંજ (પં. બંગાળ) ને પણ માહિતી આપવામાં આવી. આ રીતે આરપીએફની સતર્કતાથી એક ગંભીર અપરાધનો સમય અગાઉ ખુલાસો કરવામાં આવ્યો.

## હવામાન વિભાગે હાડ થીજવતી ઠંડીને લઈ કરી આગાહી

# ૧૨ જાન્યુઆરી સુધી કાતિલ ઠંડીનો સામનો કરવો પડશે

## રાજ્યના અનેક શહેરોમાં તાપમાન સિંગલ ડિજિટમાં જોવા મળી રહ્યું છે : ગુજરાતમાં નલિયા સૌથી ઠંડુ શહેર છે

(સંપૂર્ણ સમાચાર સેવા)ગાંધીનગર

રાજ્યમાં કડકડતી ઠંડી પડી રહી છે. અનેક શહેરોમાં તાપમાન સિંગલ ડિજિટમાં જોવા મળી રહ્યું છે. ગુજરાતમાં નલિયા સૌથી ઠંડુ શહેર છે. હાડ થીજવતી ઠંડી પડવાની આગાહી પણ હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. આવનારા દિવસોમાં પણ કાતિલ ઠંડીને લઈ હવામાન વિભાગે આગાહી કરી છે. આગાહી મુજબ ઠંડીનો ચમકારો વધશે. આજથી રાજ્યમાં ઠંડીનો વધુ એક રાઉન્ડ શરૂ થઈ જશે.

હવામાન વિભાગ દ્વારા કરવામાં આવેલી આગાહી મુજબ, રાજ્યના નાગરિકોએ આગામી ૧૨ જાન્યુઆરી સુધી કાતિલ ઠંડીનો સામનો કરવો પડશે. ઉત્તર-પૂર્વ દિશામાંથી ફૂંકાતા ઠંડા પવનોને કારણે સમગ્ર રાજ્યમાં કોલ્ડવેવની સ્થિતિ છે. પવનની ગતિ વધતા ઠંડીનો ચમકારો વધ્યો છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, હાલમાં રાજ્યમાં ૧૫ થી ૨૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે ઠંડા પવનો ફૂંકાઈ રહ્યા છે. જેના કારણે લઘુત્તમ તાપમાન નીચે જઈ રહ્યું છે. ખાસ કરીને ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છના વિસ્તારોમાં તાપમાનમાં મોટો ઘટાડો નોંધાયો છે.

હવામાન વિભાગના જણાવ્યા મુજબ, ૧૨ જાન્યુઆરી સુધી તાપમાનમાં કોઈ મોટો ફેરફાર થવાની શક્યતા નથી. ત્યાં સુધી કાતિલ ઠંડી યથાવત રહેશે. ત્યારબાદ ધીમે-ધીમે તાપમાનમાં ૨ થી ૩ ડિગ્રીનો વધારો થતા લોકોને આંશિક રાહત મળી શકે છે તેમ હવામાન વિભાગનું અનુમાન છે.

રાજ્યમાં સૌથી નીચું તાપમાન જૂનાગઢના ગિરનાર પર્વત પર ૮.૫ ડિગ્રી નોંધાયું છે. જ્યારે મેદાની વિસ્તારોમાં અમરેલી અને કચ્છનું નલિયા ૯ ડિગ્રી સાથે શીતલહેરની લપેટમાં છે. રાજધાની ગાંધીનગરમાં પણ પારો ૧૨ ડિગ્રી પર પહોંચતા કડકડતી ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે.

હિમાચલ પ્રદેશના ચંબા, રોહતાંગ, કિન્નૌર અને મનાલીના ઊંચા વિસ્તારોમાં વરસાદની આગાહી હવામાન વિભાગે કરી છે. ઉત્તરાખંડના કેટલાક ભાગોમાં હિમવર્ષા થવાની સંભાવના છે. તમિલનાડુમાં પણ વરસાદની ચેતવણી જારી કરવામાં આવી છે. કાશ્મીરના પહાડી વિસ્તારોમાં પણ બરફવર્ષાના કારણે કાતિલ ઠંડીનો ચમકારો વધી ગયો છે.

ઉત્તરાખંડ, હિમાચલ પ્રદેશ અને જમ્મુ અને કાશ્મીરમાં વરસાદની અપેક્ષા છે. ઊંચાઈવાળા વિસ્તારોમાં ખાસ કરીને ભારે વરસાદ પડશે. કાશ્મીરના ડોડા, બડગામ અને શોપિયાના ઊંચા પહાડી વિસ્તારોમાં વરસાદની આગાહી હવામાન વિભાગે કરી છે. અન્ય કેટલાક પહાડી વિસ્તારોમાં બરફવર્ષા પણ થઈ રહી છે.

## કાંદિવલી–બોરીવલી વિભાગ પર છઠ્ઠી લાઈનના કામ સંદર્ભે પશ્ચિમ રેલવેનો મેજર બ્લોક

પશ્ચિમ રેલવે દ્વારા કાંદિવલી અને બોરીવલી વિભાગ વચ્ચે છઠ્ઠી લાઈનના નિર્માણ કાર્યને પૂર્ણ કરવા માટે ૨૦/૨૧ ડિસેમ્બર, ૨૦૨૫ની રાત્રિથી ૩૦ દિવસનો બ્લોક લેવામાં આવી રહ્યો છે, જે ૧૮ જાન્યુઆરી, ૨૦૨૬ સુધી ચાલુ રહેશે. આ બ્લોકના કારણે કેટલીક ટ્રેન સેવાઓ પ્રભાવિત થશે.

આંશિક રીતે રદ થનારી ટ્રેનો:

- ૧૦ જાન્યુઆરી, ૨૦૨૬ની ટ્રેન નંબર ૧૯૪૧૮ અમદાવાદ–બોરીવલી એક્સપ્રેસ વસઈ રોડ પર શોર્ટ ટર્મિનેટ થશે. આ રીતે આ ટ્રેન વસઈ રોડ–બોરીવલી વચ્ચે આંશિક રીતે રદ રહેશે.
- ૧૧ જાન્યુઆરી, ૨૦૨૬ની ટ્રેન નંબર ૧૯૪૧૭ બોરીવલી–અમદાવાદ એક્સપ્રેસ વસઈ રોડ પરથી શોર્ટ ઓરિજિનેટ થશે. આ રીતે આ ટ્રેન બોરીવલી–વસઈ રોડ વચ્ચે આંશિક રીતે રદ રહેશે.

રી-શેડ્યૂલ થનારી ટ્રેનો:

- ૧૦ જાન્યુઆરી, ૨૦૨૬ ની ટ્રેન નંબર ૧૨૯૦૨ અમદાવાદ–દાદર એક્સપ્રેસ તેના માર્ગમાં ૨૦ મિનિટ રી-શેડ્યૂલ થશે.
- ૧૦ જાન્યુઆરી, ૨૦૨૬ ની ટ્રેન નંબર ૧૯૨૧૮ વેરાવળ–બાંદ્રા ટર્મિનસ એક્સપ્રેસ ૪૫ મિનિટ રી-શેડ્યૂલ થશે, એટલે કે આ ટ્રેન વેરાવળથી ૧૨:૩૫ વાગ્યે પ્રસ્થાન કરશે.
- ૧૧ જાન્યુઆરી, ૨૦૨૬ ની ટ્રેન નંબર ૨૨૯૫૩ મુંબઈ સેન્ટ્રલ–અમદાવાદ ગુજરાત સુપરફાસ્ટ એક્સપ્રેસ ૩૦ મિનિટ રી-શેડ્યૂલ થશે, એટલે કે આ ટ્રેન ૦૬:૧૦ વાગ્યે પ્રસ્થાન કરશે. મુસાફરોને વિનંતી છે કે ઉપરોક્ત ફેરફારોને ધ્યાનમાં રાખીને પોતાની મુસાફરીની યોજના બનાવે.

## અમદાવાદની ઉદગમ અને મુક્તજીવન સ્કૂલની ઘટના: RTE હેઠળના વિદ્યાર્થીઓ સાથે મતભેદ કર્યાનો આક્ષેપ

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદની ઉદગમ અને મુક્તજીવન સ્કૂલ વિવાદમાં આવી છે અને RTE હેઠળના વિદ્યાર્થીઓ સાથે મતભેદ કર્યાનો આક્ષેપ કરવામાં આવ્યો છે વાલીઓ દ્વારા, સવારની પાળીમાં આવેલા RTEના બાળકોને નો એન્ટ્રી આપવામાં આવતી હોવાની વાત સામે આવી છે.

આ બન્ને સ્કૂલોમાં વધુ ફી માટે દબાણ કરાતું હોવાનો વાલીઓનો આક્ષેપ છે અને જન સંવાદ પોર્ટલમાં ૨૦૦થી વધુ ફરિયાદ વાલીઓની આવી છે અને અન્ય જિલ્લાઓની સ્કૂલોમાં પણ મતભેદનો આક્ષેપ કરવામાં આવ્યો છે. આ મામલે ડીઈઓ દ્વારા તપાસ કરવામાં આવે તેવી માગ વાલીઓ દ્વારા કરવામાં આવી છે.

સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત ગરીબ અને વંચિત બાળકો પણ ગુણવત્તાયુક્ત શિક્ષણ મેળવે તે હેતુથી દર વર્ષે RTE અંતર્ગત વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવવાની પ્રક્રિયા કરવામાં આવે છે. RTE એડમિશન માટે ગ્રામ્ય વિસ્તારમાં ૧.૨૦ લાખ જયારે શહેરી વિસ્તારમાં ૧.૫૦ લાખની આવક મર્યાદા નક્કી કરવામા આવી છે અને આ માટે આવકનો પુરાવો અને જો વાલી ઈક્મટેક્સનુ રિટર્ન ફાઈલ કરતા હોય તો તેની કોપી પણ અપલોડ કરવી ફરજીયાત કરવામાં આવી છે.

## મંત્રીઓ બાદ ધારાસભ્યોના કામો ન થતા મુખ્યમંત્રીને લખાયો પત્ર: વડોદરા જિલ્લાના ૫ ધારાસભ્યોએ મુખ્યમંત્રીને લખ્યો પત્ર: સરકારી અધિકારીઓ ખાલી ગુલાબી ચિત્ર બતાવે છે

પ્રતિનિધિ,ગાંધીનગર

ગાંધીનગરમાં બે દિવસ અગાઉ જ ગૃહ વિભાગના પોલીસ મહાનિરીક્ષક (વહીવટ) દ્વારા ૨૭૫ જેટલા પોલીસ કર્મીઓની બદલીઓ કરવામાં આવી હતી જેમાં મંત્રીઓની રજુઆતોને ધ્યાને લેવામાં ન આવ્યા હોવાના સમાચારો પ્રસિધ્ધ થયા બાદ વધુ એક વડોદરા જિલ્લાના ૫ ધારાસભ્યોએ સરકારી અધિકારીઓ કામ કરતા ન હોવાનો સ્ફોટકપત્ર મુખ્યમંત્રીને લખ્યો છે.



વડોદરા જિલ્લાના ૫ ધારાસભ્યોએ રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને એક સ્ફોટકપત્ર લખ્યો છે. જે પત્ર હાલ સોશીયલ મીડીયામાં પુરજોશમાં વાઈરલ થઈ રહ્યો છે. કારણ કે બે દિવસ વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતના પ્રવાસે આવી રહ્યા છે ત્યારે આ સ્ફોટક પત્ર વાઈરલ થતા સરકારની સાથે સાથે તંત્રમાં ભુકંપ સર્જાયો છે. પત્રમાં પ્રજાલક્ષી કામો અને પ્રજાના હિતની વાત કરવામાં આવી છે. આ સાથે સરકારી અધિકારીઓ પોતાને જ સરકાર સમજી અંધાધુન વહિવટ ચલાવી રહ્યા છે. અગાઉ પણ આ મામલે પાંચેય ધારાસભ્યોએ મૌખિક રજુઆત કરી હતી અને હવે વિનંતી કરતો પત્ર લખ્યો છે.

પ્રતિ,

શ્રીમુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ,

વંદે માતરમ્ સહ જણાવવાનું કે હાલ રાજયમાં ઠેર ઠેર વહિવટી તંત્રનો વહિવટ ખંભોળે ચડયો છે. પ્રજાના કામ જાણે આ તંત્રના કાન સુધી પહોચતા જ નથી, એક સામાન્ય માણસને પોતાનુ નાનુ કામ સરકારી કચેરીમાંથી કરાવવુ એ જાણે એક યુધ્ધ લડવુ બની ગયુ છે. રાજયના તમામ મોટા અધિકારીઓથી લઈ તમામ નાના કર્મચારીઓ પોતાની ખરાબ મનસ્વીતા દર્શાવતા થઈ ગયા છે, અધિકારીઓ (કલેકટર, જિલ્લા વિકાસ અધિકારી, પોલીસ અધિક્ષક તથા અન્ય વગેરે ) પોતાને ગમતી સારી કચેરી બનાવી તેમાં સરકારી સચિવો સાથે વિડીયો કોન્ફરન્સના માધ્યમથી જમીની હકીકત, પ્રજાના પ્રશ્નો, ભૌગોલિક પરીસ્થિતિને જોયા જાણ્યા વગર ગુલાબી ચિત્ર બતાવવામાં આવે છે. સરકારને હકીકતોથી દુર રાખવામાં આવે છે. પ્રજા અને જનપ્રતિનિધિથી પણ ઉપર પોતાને જ સરકાર સમજી અંધાધુન વહિવટ ચલાવવામાં આવી રહ્યો છે. જેનાથી સરકારની છબી ખરડાઈ રહી છે. ધારાસભ્ય દ્વારા સુચવવામાં આવેલા કાર્યો કરવામાં આવતા નથી, ઉપરથી અધિકારીઓ દ્વારા પ્રજાને કહેવામાં આવે છે કે તમે ધારાસભ્યોની મદદ કેમ માગી ? આ પ્રમાણેની ખરાબ માનસિકતાએ સુચારૂ રૂપ થી વહિવટી તંત્ર ચલાવવા યોગ્ય નથી, અમો વડોદરા જિલ્લાના ૫ ધારાસભ્યો શૈલેષ મહેતા(સોટ્ટ) કેતન ઈનામદાર, ધર્મેન્દ્રસિંહ વાઘેલા, અક્ષય પટેલ અને ચૈતન્યસિંહ ઝાલા ધારાસભ્યોએ અગાઉ પણ આ પ્રમાણેની મૌખિક રજુઆત કરી હતી અને વિનંતી કરી રહ્યા છીએ કે ખરાબ મનસ્વીતા ધરાવતા અધિકારીઓને સ્પષ્ટ સુચના આપવામાં આવે કે જન પ્રતિનિધિઓ દ્વારા સુચવાયેલા પ્રજાના કામોને પ્રાધાન્યતા આપી પ્રજાલક્ષી અને પ્રજાના હિતમાં નિર્ણય લેવામાં આવે સાથે જ જરૂરી કડક પગલા લેવામાં આવે.

## વડાપ્રધાનના કાર્યક્રમ માટે ૧૦ હજાર થી વધુ લોકોને સોમનાથ લઈ જવા માટે રાજકોટ જિલ્લા ભાજપ પ્રમુખને અપાયો ટાર્ગેટ

પ્રતિનિધિ,ગાંધીનગર



વડાપ્રધાન નરેન્દ્ર મોદી આવતી કાલે તારીખ ૧૦ જાન્યુઆરી શનિવાર થી ૩ દિવસના ગુજરાતના પ્રવાસે આવી રહ્યા છે. સોમનાથ સ્વાભિમાન પર્વમાં સામેલ થવાના છે ત્યારે વડાપ્રધાનના કાર્યક્રમમાં હાજરી આપવા માટે રાજકોટ જિલ્લા ભાજપ પ્રમુખને ૧૦ હજાર થી વધુના ટાર્ગેટ સાથે ૨૦૦ થી વધુ બસો ફાળવવામાં આવી છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૧૦ મી એ સોમનાથમાં રાત્રી રોકાણ કરનાર છે. સોમનાથ સ્વાભિમાન પર્વ અંતર્ગત કાર્યક્રમોમાં સામેલ થશે. ઉપરાંત જાહેરસભા પણ સંબોધવાના છે, વડાપ્રધાન મોદીનો આ કાર્યક્રમ ભાજપનુ શકિત પ્રદર્શન બની રહેવાનુ હોય તેમ સમગ્ર સૌરાષ્ટ્ર તથા ગુજરાતમાંથી ભાજપના આગેવાનો અને કાર્યકરોને સુચના આપવા સાથે જિલ્લા વાઈઝ હાજરીના ટાર્ગેટ પણ આપી દેવામાં આવ્યા છે. પરીવહન-ભોજન સહિતની વ્યવસ્થાનો પણ પ્લાન તૈયાર કરી દેવામાં આવ્યો છે. રાજકોટ જિલ્લા ભાજપ સુત્રોએ જણાવ્યુ હતુ કે સોમનાથ સ્વાભિમાન પર્વ અંતર્ગત વડાપ્રધાન મોદીના કાર્યક્રમ માટે જિલ્લા ભાજપને ૧૦ હજાર થી વધુ કાર્યકરો અને જનમેદનીને લાવવાનો ટાર્ગેટ આપવામાં આવ્યો છે. જિલ્લા ભાજપ આયોજન કરીને તાલુકા સંગઠનો મારફતે વ્યવસ્થા ગોઠવી દેવામા આવી છે. તાલુકા કક્ષાએ સંગઠન નેતાગીરીને લક્ષાંક આપી દેવામાં આવ્યો છે. ગમે તે થાય પણ કોઈપણ ભોગે મોદી સાહેબનો કાર્યક્રમમાં લાખોની મેદની ભેગી થાય તેવા આદેશો જિલ્લા ભાજપ તરફથી આપી દેવામાં આવ્યા છે. તો સાથે સાથે ભાજપના કાર્યકરોને જિલ્લામાંથી લાવવા અને લઈ જવા માટે વાહનોની ફાળવણી પણ કરી દેવામાં આવી છે.

રાજકોટ જિલ્લા ભાજપને ૧૦ હજાર થી વધુ લોકોને લાવવા લઈ જવા માટે ૨૦૦ થી વધુ એસટી બસોની ફાળવણી કરી દેવામાં આવી છે. એક બસમાં ૫૦ મુસાફરોની ગણતરી કરીને ફાળવણી કરવામાં આવી છે. પરીવહન દરમિયાન કાર્યકરો માટે નાસ્તા ભોજન સહિતની તમામ વ્યવસ્થાઓ કરી દેવામાં આવી છે. રાજકોટ જિલ્લામાંથી ૧૦ હજારથી વધુ લોકોને લાવવા લઈ જવાના ટાર્ગેટને પગલે વ્યવસ્થા ગોઠવવા જિલ્લા ભાજપ નેતાગીરી કામે લાગી ગઈ છે. સીનીયર હોદ્દેદારો જો કે એવો દાવો કરી રહ્યા છે કે વડાપ્રધાનના કાર્યક્રમમાં સામેલ થવા માટે માત્ર ભાજપના આગેવાનો અને કાર્યકરો જ નહી પરંતુ લોકો માં પણ સ્વયંભુ ઉત્સાહ જાગવો જોઈએ એટલે રાજકોટ જિલ્લામાંથી લોકોની હાજરીની સંખ્યા ટાર્ગેટ કરતા પણ વધી જવાની સંભાવના છે.

## સાબરમતી સેન્ટ્રલ જેલમાં પાકા કામના કેદી અને કુખ્યાત ગુન્હેગાર વિશાલ ગોસ્વામી પાસેથી આઈફોન અને એક કીપેડ ફોન મળી આવ્યો

પ્રતિનિધિ,ગાંધીનગર

અમદાવાદમાં જવેલર્સ પર ફાયરીંગ અને ખંડણી જેવા ગંભીર ગુન્હાના આરોપી સાબરમતી સેન્ટ્રલ જેલમાં પાકા કામના કેદી કુખ્યાત ગુન્હેગાર વિશાલ ગોસ્વામી પાસેથી આઈફોન અને એક કીપેડ ફોન મળી આવ્યો છે. વિશાલ ગોસ્વામી પાસેથી મોબાઈલ મળી આવતા જેલ પ્રશાસન પર સવાલો ઉઠી રહ્યા છે. વિશાલ ગોસ્વામીને હાઈ સીકયુરીટી જેલમાં રાખવામાં આવ્યો હોવા છતાં વિશાલ ગોસ્વામી પાસેથી ૨ ફોન અને ૧ સીમકાર્ડ મળી આવ્યુ હતું. આ અંગે રાણીપ પોલીસે ગુન્હો નોંધી તપાસ શરૂ કરી છે.

સાબરમતી સેન્ટ્રલ જેલના ઈન્ચાર્જ જેલર મોહસીનખાન પઠાણ જુની જેલમાં હાઈ સીકયુરીટી વિભાગમાં તપાસ કરવા ગયા હતા ત્યારે ખોલી નંબર ૧ માં વિશાલ ગોસ્વામીની ખોલી તપાસી હતી ત્યારે છતનો ભાગ તુટેલી હાલતમાં હતો, જેથી શંકા જતા ખોલી સીલ કરીને વિશાલ ગોસ્વામીને અન્ય જગ્યાએ શીફટ કરવામાં આવ્યો હતો. જે બાદ ઝડતી સ્કવોડ દ્વારા તપાસ કરવામાં આવી ત્યારે છતના તુટેલા ભાગમાંથી બાખુ પડેલુ હતુ , બાખામાં તપાસ કરતા ૨ મોબાઈલ ફોન મળી આવ્યા હતા, જેમાંથી એક આઈફોન અને એક કીપેડ ફોન મળી આવ્યો હતો. આ ઉપરાંત વીઆઈ અને એરટેલ કંપનીનુ સીમકાર્ડ પણ મળી આવ્યુ હતું. તપાસ



દરમિયાન મોબાઈલ, સીમકાર્ડ સહિત મેમરીકાર્ડ, અને ચાર્જર મળી આવ્યુ હતું. આ તમામ વસ્તુઓ કબ્જે કરીને રાણીપ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ દાખલ કરવામાં આવી હતી.

મહત્વનુ છે કે સાબરમતી સેન્ટ્રલ જેલમાં એ પણ હાઈ સીકયુરીટી બેરેકમાંથી કુખ્યાત ગુન્હેગાર પાસેથી મોબાઈલ મળી આવ્યા તેને લઈને જેલ પ્રશાસન પર અનેક સવાલો ઉઠી રહ્યા છે. વિશાલ ગોસ્વામી પાસે મળી આવેલા ફોનમાંથી જેલ બહાર કોના કોના સંપર્કમાં હતો, મોબાઈલ ફોન પહોચાડવામાં જેલના કયા કર્મચારીએ મદદ કરી છે તે તમામ તપાસના વિષય છે. અગાઉ અતિક અહેમદે સાબરમતી સેન્ટ્રલ જેલમાંથી બેઠા બેઠા હત્યા કરાવી હતી. આ ઉપરાંત જેલમાંથી ગાંજો ઝડપાયો હતો. જેલમાંથી આતંકીની પણ અન્ય કેદીઓએ આંખ ફોડી નાખી હતી. જેલમાંથી અનેક વખત મોબાઈલ ફોન મળી આવ્યા છે. આમ જેલ અનેક વિવાદમાં આવી ચુકી છે. ત્યારે કુખ્યાત ગુન્હેગાર પાસેથી બે મોબાઈલ ફોન મળી આવતા વધુ વિવાદ થયા છે. ગુજરાતમાં ગુજસીટોક કાયદો અમલમાં આવ્યા બાદ પહેલીવાર આ કાયદા હેઠળ વિશાલ ગોસ્વામી ગેંગ સામે ગુન્હો નોંધવામાં આવ્યો હતો. અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા કુખ્યાત ખંડણીખોર વિશાલ ગોસ્વામી ગેંગના ચાર શખ્સોની મેઘાણીનગરમાંથી ધરપકડ કરી ગુજસીટોક એકટ હેઠળ ગુન્હો નોંધ્યો હતો. ધરપકડ કરાયેલા ચારેય આરાપીઓ પાસેથી મોટી માત્રામાં હથિયારો મળી આવ્યા હતા. શહેરમાં ખંડણીખોર વિશાલ ગોસ્વામી ગેંગ સક્રિય થઈ હતી. ગોસ્વામી ગેંગ દ્વારા શહેરના મોટા વેપારીઓને ધમકીભર્યા ફોન કરવામાં આવી રહ્યા હતા અને ખંડણી માંગવામાં આવી રહી હતી.

**AHMEDABAD MUNICIPAL CORPORATION-SOUTH ZONE**
South zone office Building, Rambaug, Maninagar Ahmedabad

**SZ- E-Tender Notice No – 16 / 2025-26**

**Building / Other works-13, Total Works -13**

(1) Date of online Submission : - Dt :-09-01-26 to Dt:-04-02-26 Up to 18.00 Hrs.
(2) Date of physical Submission: - Dt 05-02-26 Up to 16.00 Hrs.
(3) Tender Opening Date :- To be intimated after technical bid eveluation

All Details may be download of above notice will be available in www.tender.nprocure.com

# વાપીમાં આમ આદમી પાર્ટીની જનસભા યોજાઈ : આમ આદમી પાર્ટી નેતાઓએ ભાજપ સરકાર પર કર્યા આકરા પ્રહારો

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

આમ આદમી પાર્ટી પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ પરીવર્તન સભામાં મોટી સંખ્યામાં ઉપસ્થિત લોકો સમક્ષ પોતાની વાત રજુ કરતા કહ્યુ હતુ કે ૨૦૦૫-૦૭ માં હું મોટર સાયકલ પર બેસીને વાપી, વલસાડ, દમણ,સેલવાસ અને ડાંગ સહિત સમગ્ર આદિવાસી વિસ્તારમાં રીપોર્ટીંગ કરતો હતો, હું આદિવાસી લોકોની સમસ્યાઓ જળ, જંગલ, જમીન અને પેસા એકટ મુદ્દે એ સમયથી જ અવાજ ઉઠાવતો હતો. હાલ સ્ટેજ પર ધારાસભ્ય ચૈતર વસાવા અને ધારાસભ્ય ગોપાલ ઈટાલીયા બેઠા છે. પરંતુ ૨૦૨૭ માં આજ સ્ટેજ પર આ જ વિસ્તારના ૧૦ જેટલા ધારાસભ્યો બેઠા હશે. હું જયારથી વાપીમાં આવ્યો છું ત્યારથી મને શ્વાસ લેવામાં તકલીફ થઈ રહી છે એટલુ પ્રદુષણ છે, પાણીનુ પણ અત્યંત પ્રદુષણ છે અને ભાજપના લોકો જે બ્રિજ બનાવી રહ્યા છે એ ખબર નહી કયા જન્મમાં બનશે, ૨૦ વરસ પહેલા વાપી જેવુ હતુ એના કરતા પણ હાલ ખરાબ પરીસ્થિતિમાં છે.



ભાજપના કમલમમાં વાપી વલસાડ ના ઉદ્યોગપતિઓ સૌથી વધુ ફંડ આપે છે. હકીકતમાં તમારા અને અમારા જેવા લોકોના પરસેવાની કમાણીથી આ લોકોની કંપનીઓ ચાલે છે. આ કંપનીના માલીકો અને ભાજપના નેતાઓ આપણુ લોહી ચુસી રહ્યા છે. તો હવે આ લોકોને પરચો દેખાડવાનો સમય આવી ગયો છે. ભાજપના લોકોએ આપણા બાળકો માટે સરકારી શાળાઓ રહેવા દીધી નથી, સારી સરકારી હોસ્પીટલો રહેવા દીધી નથી. સારા રોડ રસ્તા રહેવા દીધા નથી, અને વાપીમાં તો રહેવાવાળા વ્યકિતના જીંદગીના ૧૦ વરસ ઓછા થઈ જાય છે. આ લોકો પ્રદુષણ ફેલાવીને બાળકોના જીવ લેવા પર ઉતરી આવ્યા છે. માટે હવે આપણે તમામ લોકોએ પોતાની આત્મા જગાડવી જ પડશે.

આ કાર્યક્રમ બાદ ધારાસભ્ય ચૈતર વસાવાએ મીડીયા સમક્ષ જણાવ્યુ હતુ કે આજની પરીવર્તન સભામાં ખુબ જ મોટી સંખ્યામાં ભાજપ-કોંગ્રેસના આગેવાનો આમ આદમી પાર્ટીમાં જોડાયા છે. સાથે સાથે ગંભીર મુદ્દા વિશે વાત કરૂ તો આ વિસ્તારોમાં કામદારોનુ શોષણ થાય છે. તેમને પગારસ્લીપ આપવામાં આવતી નથી, પીએફ અને ગ્રેજયુએટી નથી મળતી, બોનસ નથી મળતુ, ઓવર ટાઈમનુ વળતર નથી મળતુ અને મેડીકલેઈમ પણ નથી મળતો, આ મુદ્દે અમને ઘણી રજુઆતો મળી છે. આ વિસ્તારમાં નાયકવાડ છે એ વિસ્તારને બળજબરી પૂર્વક મહાનગરપાલિકામાં સમાવેશ કરવામાં આવી રહ્યો છે અને એમના ઘરો તોડવાની તજવીજ ચાલે છે. બીજા અન્ય ૧૧ ગામોને મહાનગરપાલિકામાં સમાવેશ કરીને બંધારણની અનુસુચી-૫ નુ ઉલ્લંઘન કરવામાં આવે છે અને પેસા એકટનુ પણ ઉલ્લંઘન કરવામાં આવે છે. લોકોને રાજકીય રીતે મળેલી અનામતને સમાપ્ત કરવાની કોશિષ થઈ રહી છે. ગામોમાં આવેલી જમીનો, સરકારી પડતર, ખરાબા, ગૌચર અને ગામતળની જમીનોને મફતના ભાવે પડાવી લેવાની ભાજપની જે સિસ્ટમ છે એની સામે અમારી લડત છે. આમ આદમી પાર્ટી કામદારોની પાર્ટી છે. ખેડુતોની પાર્ટી છે, આદિવાસી અને વંચિતોની પાર્ટી છે અને એમના ન્યાય માટે અમે લડતા રહીશુ, આ વિસ્તારના સાંસદ આદિવાસી લોકોને ગેરમાર્ગે દોરવાની મોટી મોટી વાત કરે છે તો આજે તેઓ નાયકવાડ અને ૧૧ ગામના લોકો સાથે કેમ ઉભા નથી ? તે લોકો વાતો કરે છે કે ફલાણા ગામના આમ આદમી પાર્ટીના ૪૦૦ કાર્યકર્તા ભાજપમાં જોડાયા, પણ હકીકત એ છે કે અમને પણ ખબર નથી કે કયા ગામમાં અમારા ૪૦૦ કાર્યકર્તા હતા તો તેઓ હકીકતમાં આ રીતે લોકોને ગેરમાર્ગે દોરી રહ્યા છે. તેઓ ફકત ઉપરથી સુચનાઓ મળે છે એ પ્રમાણે કામ કરે છે, આમ આદમી પાર્ટી કામદારો, વિદ્યાર્થીઓ, ખેડુતો, આઉટ સોર્સિંગના કર્મચારીઓ માટે કામ કરે છે અને એટલા માટે જ ભાજપની અંદર આમ આદમી પાર્ટીનો ડર દેખાઈ રહ્યો છે.

આમ આદમી પાર્ટી વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલીયાએ જનમેદનીને સંબોધન કરતા કહ્યુ હતુ કે સરકાર શા માટે બનાવી છે ? આપણને હેરાન કરવા કે આપણુ કામ કરવા ? દરેક વસ્તુમાં સરકાર આપણે તકલીફ પહોચાડતી હોય તેવુ લાગે છે. આખા ગુજરાતમાં બેફામ દારૂ વેચાય છે. નાની દિકરીઓ વિધવા બને છે, સરકારી તંત્ર બનાવ્યુ છે પરંતુ ભાજપની સેવા કરવા માટે અને આપણે સૌને દબાવવા માટે, કાયદા ગરીબ માણસને દબાવવા માટે છે, વ્યવસ્થા બધી ભાજપના લોકો માટે છે, જુઠ્ઠુ બોલો જોરથી બોલો આ મંત્ર મોદી સાહેબે આપ્યો અને તેના મંત્રીઓ મંત્ર રટયા કરે છે, હમણા અહીંના સાંસદે કહ્યુ આમ આદમી પાર્ટીમાંથી ૪૦૦ લોકો ભાજપમાં જોડાયા, ૪૦૦ લોકો તો અમે પણ એક સાથી પાર્ટીમાં જોયા ન હતા, તો કયાંથી જોડાયા ? કોણ જોડાયા ? ગરીબ માણસનુ સાંભળનાર કોઈ નથી, અમને સામેવાળા માણસની પીડા સમજાય છે.

અમે તમારા જેવા છીએ, એટલે તમારી પીડા દેખાય છે, ભાજપતો પૈસાવાળાની પાર્ટી છે, મુદ્દો એ નથી કે આમ આદમી પાર્ટી હારી જશે કે જીતશે ? મુદ્દો એ છે કે લાચાર જનતા જીતશે કે નહી ? સાવરણાનુ બટન દબાવો અને તમારો આગળનો રસ્તો સરળ બનાવો, મુખ્યમંત્રી કે વડાપ્રધાન આવે તો રાતો રાત રોડ નવા બની જાય છે. તમારૂ અને મારૂ કોઈ વિચારતા નથી, આ ભાજપવાળા અંગ્રેજોના વારસદાર છે, આપણા માટે રોડ પણ નથી, ગાંધીનગર થી વાઈસરોય આવે તો રોડ પર કુંડા પણ મુકાઈ જાય છે, તમારા અને મારા જેવા જુવાનીયા પાછળ રહી ગયા અને ગધેડાઓ ગાંધીનગર પહોચી ગયા, જનતા માટે લડતા ચૈતર વસાવા અને હું બંને ધારાસભ્ય બન્યા તો તમને મજા આવે છે ? તો પછી ૨ માં થી ૧૦૨ બને તો કેટલી મજા આવે ? આજે અમે તમારા આશીર્વાદ લેવા માટે આવ્યા છીએ,

# અમદાવાદમાં મોદી પતંગ ઉડાડશે પણ જોવાની મનાઈ : લોકોને પોતાના ઘરના બારી- બારણાં બંધ રાખવા પોલીસનો આદેશ

પ્રતિનિધિ,ગાંધીનગર



અમદાવાદના સાબરમતી રીવરફ્રન્ટ ખાતે આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ ૨૦૨૬ નુ આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં વિશ્વના ૩૦ થી વધુ દેશોના ૧૫૦ થી વધુ આંતરરાષ્ટ્રીય પતંગબાજો પતંગ મહોત્સવમાં ભાગ લેવાના છે.

આગામી તારીખ ૧૨ મી જાન્યુઆરીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને જર્મનીના ચાન્સેલર ફ્રીડરીક મર્ઝ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવાના હોય, સાબરમતી રીવરફ્રન્ટ ની આસપાસની ૨૬ જેટલી સોસાયટીના રહીશોને તેમના મકાનની બારીઓ તેમજ બારણાં બંધ રાખવાનો પોલીસે આદેશ કર્યો છે. દરેક સોસાયટીના પ્રમુખ સહિતના આગેવાનોને પોલીસ દ્વારા લેખિતમાં જાણ કરવામાં આવી છે, ત્યારે આ મામલે સ્થાનિક રહીશોમાં ચર્ચા જોવા મળી છે અને આખો દિવસ હેરાનગતિ મામલે ચર્ચાઓ વ્યાપક બની છે.

# મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે ગાંધીનગરના પુરાણ પ્રસિધ્ધ ધોળેશ્વર મહાદેવ મંદિરમાં ઓમકારનાદ માં ઉપસ્થિત રહ્યા

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પ્રેરણાથી આ સોમનાથ સ્વાભિમાન પર્વની ત્રિ દિવસીય ઉજવણીની આજથી શરૂઆત થઈ છે. આજથી ૧ હજાર વર્ષ અગાઉ ૧૦૨૬ માં સોમનાથ મંદિર પર થયેલા હુમલા સામે અતુટ શ્રધ્ધા અને આસ્થા તથા સામુહિક શકિતના સંકલ્પથી આજે સોમનાથ મંદિર ભવ્યતા અને દિવ્યતાના પ્રતિકરૂપે અડીખમ ઉભુ છે.



ગાંધીનગરમાં ધોળેશ્વર મહાદેવ મંદિરથી શ્રધ્ધાપૂર્વક જોડાયા હતા, આ શૌર્યતા અને કરોડો શ્રધ્ધાળુઓની આસ્થાનો ગૌરવ મહિમા સોમનાથ સ્વાભિમાન પર્વ થી વડાપ્રધાનના પ્રેરણા માર્ગદર્શનમાં થઈ રહ્યો છે. આ પર્વમાં ઓમકારનાદની ઉર્જા સામુહિક ઓમકાર નાદ થી જોડવા મંદિરોમાં ૭૨ કલાક ઓમકારનાદ ના ગુંજારવા થી ભકિતમય વાતાવરણનુ નિર્માણ થવાનુ છે. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે પણ આ ઓમકારનાદમાં ગાંધીનગરમાં ધોળેશ્વર મહાદેવ મંદિરથી શ્રધ્ધાપૂર્વક જોડાયા હતા. તેમણે આ સામુહિક ઓમકારનાદમાં સહભાગી થવાનો સૌને અનુરોધ કરતા કહ્યુ હતુ કે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં આપણી વિરાસત અને અસ્મિતાના ગૌરવને વધુ ઉજાગર કરવાની તક આપણને સૌને મળી છે. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે લોકોને મંદિરો અને દેવાયલોમાં થતા સામુહિક ઓમકારનાદ અથવા તો પોતાના ઘરે પણ સમય મળે ત્યારે ઓમકારમંત્ર સ્મરણ કરીને સોમનાથ સ્વાભિમાન પર્વમાં જોડાવવા અપીલ કરી હતી. મુખ્યમંત્રીએ ઓમકારનાદ ની શરૂઆત પૂર્વે ધોળેશ્વર મંદિરમાં ભકિત ભાવ પૂર્વક દર્શન અર્ચન કર્યા હતા,

ગાંધીનગરના મેયર મીરાબેન પટેલ, ધારાસભ્યો તથા સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન, શહેર પ્રમુખ આશિષ દવે, જિલ્લા કલેકટર મેહુલ દવે, પદાધિકારીઓ તેમજ શ્રધ્ધાળુઓ આ વેળાએ ઉપસ્થિત રહ્યા હતા. મુખ્યમંત્રીએ બહેનો દ્વારા થઈ રહેલા ભજન કિર્તનનુ પણ શ્રવણ કર્યુ હતું. ધોળેશ્વર મહાદેવના મહંતે મુખ્યમંત્રીનુ શાલ ઓઢાડી અભિવાદન કર્યુ હતું.

### માળીયા હાટીના ભાજપ નેતાઓના રાજીનામા : જવાહર ચાવડાના ઘરે યોજાઈ મીટીંગ

# જુનાગઢ ભાજપમાં ભડકોઃ ૨ હજારથી વધુ સભ્યો આમ આદમી પાર્ટીમાં જોડાવવાના સંકેત : ઉપપ્રમુખ - તાલુકા પ્રમુખે આપ્યા રાજીનામા

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

જુનાગઢ જિલ્લાના માળીયાહાટી તાલુકામાં ભારતીય જનતા પાર્ટી માં મોટો ભડકો થવાના સંકેત મળી રહ્યા છે. એક તરફ વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતની ૩ દિવસની મુલાકાતે આવી રહ્યા છે તો બીજી તરફ ગુજરાતમાં ઠેર ઠેર ભાજપમાં ભડકો થવાના સમાચારો પ્રાપ્ત થઈ રહ્યા છે. એક તરફ સરકારી તંત્રની નારાજગીને લઈ વડોદરામાં ભાજપમાં ભડકો થયો છે. ભાજપના ૫ ધારાસભ્યોએ સરકારી તંત્રમાં કામો ન થતા મુખ્યમંત્રીને પત્ર લખી ફરીયાદ કરી છે.

જિલ્લાના માળીયાહાટી તાલુકામાં ખેડુતોના પ્રશ્નો હલ ન થતા અને અન્ય મુદ્દાઓને લઈને અસંતોષ વધતા નગરપંચાયત સભ્યો, જિલ્લા કારોબારી સભ્યો, ઉપપ્રમુખ તથા તાલુકા પ્રમુખે ભાજપમાંથી રાજીનામા આપી દીધા છે. આ સાથે જ ૨ હજાર થી વધુ ભાજપના સભ્યો અન્ય પાર્ટીમાં જોડાવવાની તૈયારી કરી રહ્યા હોવાના સમાચારો પ્રાપ્ત થયા છે. રાજીનામા આપનારા નેતાઓએ જણાવ્યુ હતુ કે ખેડુતોના મુદ્દાઓ જેવા કે પાક વીમો, ખાતર-બીજ ની સમસ્યાઓ, પાણીની તંગી અને અન્ય વિકાસના કામોમાં વિલંબને કારણે તેઓ નારાજ છે. ભાજપ સરકારમાં કામો થતા નથી, મંત્રીઓ મંત્રીઓના કામો કરતા નથી, તો કેટલાક ધારાસભ્યોના સરકારી અધિકારીઓ કામ કરતા નથી, આ રાજીનામા બાદ પૂર્વ મંત્રી અને ભાજપના દિગ્ગજ નેતા જવાહર ચાવડાના ઘરે મીટીંગ યોજાઈ હતી. જેમાં અન્ય પાર્ટીમાં જોડાવવા અંગે ચર્ચા થઈ હોવાની માહિતી બહાર આવી હતી. આ મીટીંગથી રાજકીય વર્તુળોમાં અટકળો વધી છે કે આ નેતાઓ અને તેમના સમર્થકો આમ આદમી પાર્ટીમાં જોડાઈ શકે છે.




જુનાગઢ જિલ્લામાં તાજેતરમાં આમ આદમી પાર્ટીનુ જોર વધી રહ્યુ છે. વિસાવદર પેટા ચુંટણીમાં આમ આદમી પાર્ટીની જીત બાદ અનેક વિસ્તારોમાં ભાજપના કાર્યકર્તાઓ અને નેતાઓ આમ આદમી પાર્ટી તરફ વળ્યા છે. માળીયા તાલુકામાં પણ આ અસંતોષનુ કારણ ખેડુતોના મુદ્દાઓ અને સ્થાનિક વિકાસના કામોમાં અવગણના છે, રાજીનામા આપનારા નેતાઓએ કહ્યુ હતુ કે વારંવાર રજુઆતો કરવા છતાં કોઈ કાર્યવાહી ન થતાં તેઓએ આ પગલુ ભર્યુ છે. આ ઘટનાથી ભાજપને માળીયા તાલુકામાં મોટો ઝટકો લાગી શકે છે. જવાહર ચાવડા જુનાગઢ જિલ્લાના પ્રભાવશાળી નેતા છે અને તેમના સમર્થકોની સંખ્યા મોટી છે. જો આ રાજીનામા અને સંભવિત પલ્ટો થાય તો આગામી સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓમાં ભાજપને નુકશાન થઈ શકે છે. આમ આદમી પાર્ટી ગુજરાતમાં પોતાનો પાયો મજબુત કરવા માટે આવા અસંતોષનો લાભ લઈ રહી છે.

આ મામલે ભાજપના સ્થાનિક નેતાઓએ હજુ સુધી કોઈ પ્રતિક્રિયા આપી ન હતી , પરંતુ પાર્ટી અંદરખાને આ સંતોષને શાંત કરવા પ્રયાસો શરૂ કર્યા હોવાના અણસાર છે. જો કે રાજીનામુ આપનારા નેતાઓએ સ્પષ્ટ કહયુ છે કે તેઓ ખેડુતો અને સ્થાનિક મુદ્દાઓને પ્રાધાન્ય આપતી પાર્ટીમાં જોડાશે. આ ઘટના ગુજરાતમાં ભાજપના અંદરના અસંતોષને ઉજાગર કરે છે. ખાસ કરીને સૌરાષ્ટ્રમાં જયાં ખેડુત મુદ્દાઓ મોટા છે, આગામી દિવસોમાં આ વિવાદ વધુ વકરી શકે છે અને અન્ય વિસ્તારોમાં પણ અસર થઈ શકે છે, તંત્ર અને પાર્ટી નેતૃત્વને આ મુદ્દાઓ હલ કરવા તાત્કાલીક પગલા લેવા જરૂરી છે.

# અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનમાં હાઈવોલ્ટેજ ડ્રામા : ગંદા પાણી મુદ્દે વિપક્ષનો વિરોધ અને તંત્ર પર આકરા પ્રહાર

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

અમદાવાદ શહેરમાં પીવાના પાણીની ગુણવત્તાને લઈને ફરી એકવાર વિવાદ વકર્યો છે. આજે ગુરૂવારે શહેરના વિવિધ વિસ્તારોમાં આવતા ગંદા પાણીની સમસ્યા મુદ્દે કોંગ્રેસના નેતાઓએ મ્યુનિસીપલ કોર્પોરેશનની કચેરી ખાતે ઉગ્ર પ્રદર્શન કર્યુ હતું.



વિપક્ષ નેતા શહેજાદખાન પઠાણે મેયર પ્રતિભા જૈનને ગંદા પાણીની બોટલ ધરીને તંત્રની નિષ્ફળતા સામે આકરા સવાલો ઉઠાવ્યા હતા, કોંગ્રેસના નેતાઓ અને સ્થાનિક લોકો જયારે ગંદા પાણીની બોટલો સાથે મેયરને રજુઆત કરવા પહોચ્યા ત્યારે દાણાપીઠ સ્થિત મુખ્ય કચેરીના દરવાજાને તાળા મારી દેવામાં આવ્યા હતા. અંદર પ્રવેશ ન મળતા વિપક્ષી નેતાઓ અને કાર્યકરો જાળી પાસે જ બેસી ગયા હતા અને હાય રે મેયર હાય હાય, ના નારા લગાવ્યા હતા. પોલીસ અને પ્રદર્શનકારીયો વચ્ચે પણ આ દરમિયાન ભારે ખેંચતાણ જોવા મળી હતી. શહેજાદખાન પઠાણે મેયરના ટેબલ પર ગંદા પાણીની બોટલ મુકીને આકરા પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યુ હતુ કે મેયર સાહેબ આ બ્લેક કોફી નથી, પરંતુ એ પાણી છે જે અમદાવાદની જનતા પીવા મજબુર છે, તેમણે વધુમાં ચેતવણી આપી હતી કે જો આ દુષિત પાણી પીવાથી કોઈ નાગરીકનુ મૃત્યુ થશે તો તેની તમામ જવાબદારી મેયર અને મ્યુનિસીપલ તંત્રની રહેશે, તેમણે ગાંધીનગર અને ઈન્દોરના દાખલા આપીને ગંભીર રોગચાળાની ભીતી વ્યકત કરી હતી. અમદાવાદમાં પણ આવી ઘટના ન બને તે માટે વિપક્ષે મેયરને આવેદનપત્ર પાઠવ્યુ હતુ, સામે પક્ષે મેયર પ્રતિભા જૈને જણાવ્યુ હતુ કે હાલમાં શહેરમાં કોઈ ગંભીર રોગચાળાની સ્થિતિ નથી, મ્યુનિસીપલ કોર્પોરેશન દ્વારા નિયમિત કલોરીનેશન અને મેઈન્ટેન્સ ની કામગીરી કરવામાં આવે છે, જો કોઈ ફરીયાદ આવે તો તેનો વોર્ડ લેવલ નિકાલ કરવામાં આવે છે.

# રાજકોટમાં વડાપ્રધાનને ૪૩૩૮ જવાનોનુ સુરક્ષા કવચઃ પોલીસ કર્મીઓની રજાઓ કરાઈ રદ

### ૨ આઈજી, ૧૧ ડીસીપી, ૩૦ એસપી, ૯૦ પીઆઈ, ૨૩૫ પીએસઆઈ, ૨૫૬૦ પોલીસ જવાનો અને એસઆરપી ની ૩ કંપનીઓ રહેશે ખડે પગે

પ્રતિનિધિ,ગાંધીનગર

વડાપ્રધાર નરેન્દ્ર મોદી વાઈબ્રન્ટ સમિટ માટે રાજકોટ આવી રહ્યા છે, ત્યારે રાજકોટમાં વડાપ્રધાનની સુરક્ષા માટે ૩ સ્તરીય સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. જેને લઈને રાજકોટમાં ગુજરાતભરમાંથી પોલીસના ધાડેધાડા ઉતારી દેવામાં આવ્યા છે. રાજકોટમાં ૧૧ જાન્યુઆરીના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદી વાઈબ્રન્ટ સમિટમાં હાજરી આપવા આવનાર હોઈ તે ઉપરાંત ૧૨ જાન્યુઆરી કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ પણ આવનાર હોય ત્યારે રાજકોટમાં વડાપ્રધાનની સુરક્ષા માટે બે આઈજી કક્ષાના અધિકારી અને ૧૧ ડીસીપી કક્ષાના અધિકારી મળી કુલ ૪૩૩૮ પોલીસનુ સુરક્ષા કવચ ગોઠવવામાં આવ્યુ છે. તેમજ આજે તારીખ ૭ મી જાન્યુઆરીથી ૧૨ જાન્યુઆરી સુધી તમામ પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓની રજાઓ રદ કરી દેવામાં આવી છે. આગામી તારીખ ૧૧ જાન્યુઆરી રવિવારના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તી રાજકોટની મારવાડી



યુનિર્વસિટી ખાતે આયોજીત વાઈબ્રન્ટ ગુજરાત રીઝનલ સબમીટનુ ઉદ્‌ઘાટન થનાર હોય જેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિત આગેવાનો ઉપસ્થિત રહેનાર હોય ત્યારે વડાપ્રધાનની સુરક્ષા વ્યવસ્થાને લઈને મહત્વની બેઠક યોજાઈ હતી.

વડાપ્રધાનની સુરક્ષા વ્યવસ્થા સંભાળતા એસપીજીની ટીમ આજે ગુરૂવારે રાજકોટ આવી પહોચી હતી અને સુરક્ષા વ્યવસ્થા અંગે સ્થાનિક પોલીસ અધિકારીઓ સાથે બેઠક યોજી હતી. પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા, અધિક પોલીસ કમિશ્નર મહેન્દ્ર ભગડીયા, ડીસીપી ઝોન- ૧ હેતલ પટેલ , ડીસીપી ઝોન-૨ રાકેશ દેસાઈ, ડીસીપી ક્રાઈમ જગદીશ બાંગરવા, ડીસીપી ટ્રાફીક હરપાલસિંહ જાડેજા સાથે યોજેલી બેઠકમાં વડાપ્રધાનની સુરક્ષા વ્યવસ્થા અંગે ચર્ચા કરવામાં આવી હતી.

રાજકોટમાં વડાપ્રધાન સહિતના અન્ય વીઆઈપીઓ પણ આ સમિટમાં ઉપસ્થિત રહેનાર હોય ત્યારે રાજકોટમાં સજજડ સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. સમગ્ર રાજકોટ શહેરને પોલીસ છાવણીમાં ફેરવી દેવામાં આવ્યુ છે.

ખાસ કરીને વડાપ્રધાનની સુરક્ષા માટે ૨ આઈજી કક્ષાના અધિકારી, તેમજ ૧૧ ડીસીપી, ૩૦ એસીપી, ૯૦ પીઆઈ, ૨૩૫ પીએસઆઈ, ૨૫૬૦ હેડ કોન્સ્ટેબલ / કોન્સ્ટેબલ , ૪૫૦ હોમગાર્ડ, ૭૫૦ ટીઆરબી જવાન સાથે એસઆરપી ૩ કંપની જેમાં ૨૧૦ એસઆરપી જવાનોને તૈનાત કરવામાં આવ્યા છે. વડાપ્રધાનની સુરક્ષામાં ચકલુ પણ ન ફરકે તેવી ૩ સ્તરીય સુરક્ષા વ્યવસ્થામાં વડાપ્રધાનના એરપોર્ટ આગમનથી લઈ મારવાડી યુનિર્વસિટી ખાતે કાર્યક્રમ સ્થળ સુધી સજજડ સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. રાજય પોલીસવડા ડો. કે એન એલ રાવ દ્વારા વડાપ્રધાનના ગુજરાત પ્રવાસને લઈને તમામ પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓની આજે તારીખ ૭ મી જાન્યુઆરીથી ૧૨ મી જાન્યુઆરી સુધી રજા રદ કરી દેવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે રાજકોટમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો રોડ શો થવાનો હતો જે રોડ શો રદ થતા સુરક્ષા વ્યવસ્થા હવે મારવાડી યુનિર્વસિટી અને એરપોર્ટ ખાતે ગોઠવવામાં આવી છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આગામી ૧૧ મી જાન્યુઆરીના રોજ રાજકોટ આવી રહ્યા છે ત્યારે તેમની સુરક્ષા વ્યવસ્થાને લઈને સજજડ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. વડાપ્રધાની સુરક્ષા માટે ફરજ બજાવતા સ્પેશ્યલ પ્રોટેકશન ગૃપ (એસપીજી) ના કમાન્ડો આજે ગુરૂવારે રાજકોટમાં આવી ચુકયા હતા અને આજે તારીખ ૭ જાન્યુઆરીથી રાજકોટ શહેરની સુરક્ષા વ્યવસ્થા વડાપ્રધાન નરેન્દ્ર મોદી જયાં સુધી રાજકોટમાંથી વિદાય નહી લે ત્યાં સુધી આ એસપીજી કમાન્ડોના હવાલે કરવામાં આવ્યુ છે. રાજકોટમાં આજે તારીખ ૭ મી જાન્યુઆરીથી એસપીજી ના ૬૦ કમાન્ડોએ સુરક્ષાનો હવાલો સંભાળી લીધો છે અને પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા, કલેકટર સહિતના અધિકારીઓ સાથે આ અંગે બેઠક પણ યોજાઈ હતી. તેમજ વડાપ્રધાનની સુરક્ષા વ્યવસ્થાનુ નિરીક્ષણ પણ કર્યુ હતું. તો બીજી તરફ વડાપ્રધાનના આગમન, પૂર્વે એરપોર્ટ ખાતે પણ સુરક્ષા વ્યવસ્થાને લઈને રીહર્સલ યોજાયુ હતું.

# રાજયના પોલીસવડા રોજે રોજ એક જિલ્લાના એસપી અને રેન્જ આઈજી સાથે બેઠક યોજશે

પ્રતિનિધિ,ગાંધીનગર

જિલ્લા સ્તરે પોલીસ વ્યવસ્થાને વધુ મજબુત બનાવવાના ઉદેશથી અને સ્થાનિક સ્તરે જમીની હકીકતોને સીધી રીતે સમજવા માટે રાજયના પોલીસવડા ડો. કે એલ એન રાવ દ્વારા વન ડે વન જિલ્લા એક નવી પહેલ શરૂ કરવામાં આવી છે.



આ પહેલ અંતર્ગત રાજયના પોલીસવડા ડો. કે એન એલ રાવ દ્વારા સંબંધિત જિલ્લાના પોલીસ અધિક્ષક તથા રેન્જના ઈન્સ્પેકટર જનરલ (રેન્જ આઈજી) સાથે સીધી બેઠક યોજવામાં આવશે, જેથી જિલ્લાના વિશિષ્ટ પોલીસીંગ સંબંધીત જરૂરીયાતો અને પડકારોને પ્રત્યક્ષ રીતે સમજી શકાય, જિલ્લાની હકીકતોને આધારે નીતિગત નિર્ણય અને સંસાધનોનુ આયોજન થાય, તે આ પહેલનો મુખ્ય ઉદેશ છે, આ બેઠકો દરમિયાન જિલ્લાની ભૌગોલિક પરીસ્થિતિને અનુકુળ વિશેષ વાહનોની જરૂરીયાત, પોલીસ કર્મચારીઓ માટે રહેણાંક તથા બિન રહેણાંક માળખા સંબંધીત પડકારો, માનવ સંસાધનની પુરતી ઉપલબ્ધતા, પોલીસ સ્ટેશન / આઉટ પોસ્ટ / બીટ ની રચનામાં ફેરફારની જરૂરીયાત તેમજ અન્ય ખાસ મુદ્દાઓ અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવશે.

ઉપરાંત દરેક જિલ્લામાં અમલમાં મુકાયેલી એક બેસ્ટ પ્રેકટીસ અંગે ચર્ચા કરવામાં આવશે. જેને રાજયભરમાં અમલમાં મુકી શકાય તેની શકયતા પણ પરખવામાં આવશે, જિલ્લાઓની પરીસ્થિતિ અને જરૂરીયાતોનુ મુલ્યાંકન કર્યા બાદ રાજયના પોલીસવડા દ્વારા પોલીસ મુખ્યાલયની સંબંધીત શાખાઓને જરૂરી દિશા નિર્દેશ આપવામાં આવશે જેથી સમયસર સમસ્યાઓનો ઉકેલ લાવી શકાય, જયાં નીતિગત અથવા વહિવટી મંજુરી જરૂરી હોય ત્યાં યોગ્ય પ્રસ્તાવો ગૃહ વિભાગને પણ મોકલવામાં આવશે, આ પહેલ અંતર્ગત આજે તારીખ ૭/૧/૨૦૨૬ ના રોજ ડાંગ-આહવા જિલ્લાના પોલીસ અધિક્ષક સાથે એક બેઠક યોજવામાં આવી હતી. જેમાં જિલ્લાના વિશિષ્ટ મુદ્દાઓ, જરૂરીયાતો તથા શ્રેષ્ઠ પ્રથાઓ અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી અને ઘણી વાહન તથા આઈટી ઈન્ફ્રાસ્ટ્રકચર સંલગ્ન જરૂરીયાતોનુ નિરાકરણ કરવામાં આવ્યુ હતું. વન ડે વન જિલ્લા કાર્યક્રમથી રાજયભરમાં પોલીસ કાર્યક્ષમતા, અસરકારકતા અને જનસેવા માં વધુ સુધારો આવશે.